આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના કર્મચારીઓને પેન્શન/નિવૃત્તના લાભો આપવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૦૭/હ.કો.૧૮/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭/૦૭/૨૦૧૭

<u>વંચાણે લીધા</u> :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૦૧/સીસી/૩૨૪/ચ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૪/૦૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૦૭/હ.કો.૧૮/ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૯/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક: અમશ/૨૦૧૫/એસસીએ-૧૫/ઘ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૧/૨૦૧૬નો સુધારા ઠરાવ ક્રમાંક: અમશ/ ૧૫૦૭/ હ.કો.૧૮/ઘ

(૫) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરનો તા.૧૮/૦૭/૨૦૧૭નો પત્ર ક્રમાંક: આવિ/આશા/૧/ફા.નં.૧૩૫૧ (ભાગ-૩)/૨૦૧૭/૮૪૯.

<u>પ્રસ્તાવના</u> :-

વંચાણે લીધેલા ક્રમાંક (૨)ના ઠરાવથી રાજ્યની આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના ખાતા હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ, પેન્શન તેમજ નિવૃત્તિ વિષયક લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પરિપત્રથી ઉક્ત ઠરાવના અમલીકરણ અંગેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પેન્શન/વયનિવૃત્તિના લાભો ચુકવવા અંગે કેટલાક વહીવટી મુદ્દાઓ સંદર્ભે વંચાણે લીધેલા ક્રમાંક (૫) પરના પત્રથી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ કક્ષાએથી સરકારશ્રીનું માર્ગદર્શન માંગવામાં આવેલ. ઉક્ત બાબતે વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવમાં સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે આ વિભાગ હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક/ બિન શૈક્ષણિક કર્મચારીઓને પેન્શન/વય નિવૃત્તિના લાભો આપવા અંગે નીચે મુજબની સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) તા.૦૩/૦૧/૨૦૧૬ના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૦/૧૬૧૭/પી થી ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓના પેન્શન કેસો અધિકૃત કરવાની કામગીરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડને આપવામાં આવેલ છે, તે મુજબ પ્રશ્ન હેઠળની આશ્રમશાળાઓના કર્મચારીઓના પેન્શન કેસો અધિકૃત કરવા અંગેની કામગીરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીની રહેશે.

(૨) પેન્શનના લાભો અંગેનો ખર્ચ મુખ્ય સદર-૨૦૭૧ તથા તેને આનુષંગિક પેટા સદરો હેઠળ પાડવાનો રહેશે.

(૩) પેન્શનના લાભો માટે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમો અને વખતો વખત તેમાં થયેલા સુધારાઓનો અમલ કરવાનો રહેશે.

(૪) પેન્શનનું ચુકવણું સંબંધિત પેન્શન ચુકવણા કચેરી/ જિલ્લા તિજોરી કચેરીએ કરવાનું રહેશે.

(૫) તા.૦૧/૦૧/૧૯૯૭ બાદ વયનિવૃત્તિ થયેલ કે અવસાન પામેલા હોય તેવા કર્મચારીઓના વારસદારોને નિયમોનુસાર (શિક્ષણ વિભાગ હેઠળની માન્ય ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓને મળતા) વયનિવૃત્તિના લાભો ચુકવવાના રહેશે. સબંધિત સંચાલક મંડળોએ/ નિમણુંક સત્તાધિકારીએ આવા કર્મચારીઓના પેન્શન કેસો તૈયાર કરી સબંધિત જિલ્લા મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ મારફત નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાના રહેશે.

(૬) ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના બિન રાજ્યપત્રિત કર્મચારીઓ માટે પેન્શન મંજુર કરનાર અધિકારી તરીકે **સંબંધિત જિલ્લા મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ** રહેશે. તેમજ રાજ્યપત્રિત અધિકારીઓ માટે નાણા વિભાગ દ્વારા પેન્શન મંજુર કરવાની સત્તા સરકારશ્રીએ જે અધિકારીશ્રીને સત્તા સોંપેલ છે તેમણે મંજુર કરવાનું રહેશે. કામચલાઉ પેન્શન મંજુર તરીકે અધિકારી તરીકે જે અધિકારીએ પેન્શન મંજુર કરેલ હશે તેઓએ કામચલાઉ પેન્શન મંજુર કરવાનું રહેશે.

(૭) વંચાણે લીધેલા ઠરાવો/ પરિપત્રોને આધિન પેન્શન/ વયનિવૃત્તિના લાભો મેળવવાપાત્ર ઠરાવોમાં નાણાવિભાગે આ કેસમાં અગાઉ જે સૂચનાઓ આપેલ છે તેનું પાલન કરવાનું રહેશે. અને

શિક્ષણ વિભાગની ગ્રાંટ ઇન એઇડ શાળાઓમાં પેન્શન કેસો તૈયાર કરવાની જે પધ્ધતિ અપનાવવામાં આવે છે તે પધ્ધતિ અપનાવવાની રહેશે.

આમુખમાં વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૨૪/૦૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૦૭/હા.કો.૧૮/ઘ અને વંચાણે લીધેલા ક્રમાંકઃ(૩) પરના આ વિભાગના તા.૧૪/૦૯/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૫/એસસીએ-૧૫/ઘ થી બહાર પાડેલ અન્ય સુચનાઓ તેમજ આ અંગે આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમશાળાઓ માટે બહાર પાડેલી નીતિની આનુષંગિક બાબતો યથાવત રહેશે.

આ ઠરાવ નાણા વિભાગની તા.૨૫/૦૭/૨૦૧૭ની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.પી. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી રસીકભાઇ બી. ચૌધરી, મહામંત્રીશ્રી,ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ, મુ.પો.વાંકલા, તા.વ્યારા,જિ.સુરત તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આશ્રમશાળા સંઘ, C/O, બક્ષીપંચ આશ્રમશાળા, ગડુ, તા.માળિયા(હાટીના) ,જી.જુનાગઢ-૩૬૨૨૫૦.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

D:\GH-BRANCH\Desktop Word File\AMS-1507-H.C.18-GH - NEW.docx

- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

---

> પત્ર દ્વારા

D:\GH-BRANCH\Desktop Word File\AMS-1507-H.C.18-GH - NEW.docx